## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*'ત્રણ તલ્લાક' - 'ખાસ દરજ્જો' ન્યાયથી મપાયાં છે,*
*ને કાયદાના પ્યાદે, મસ્જિદને માત અપાયાં છે,*
*કપાયાં વેરઝેર, ને કોમળ થઈ કટ્ટરતા -*
*સ્નેહ-ભીનાં ક્ષેત્રે, ભાઈચારાનાં બીજ રોપાયાં છે...*

**હાઈકુ**

*ઝળુંબતું'તું,*
*'મંદિર'નું પ્રેસર -*
*ફંટાઈ ગયું !*

*આવે ઉકેલ -*
*બધી જ સમસ્યાનો -*
*ધૈર્ય - સંવાદ...*

### ચિંતન

*ઉપાધ્યાદ્ દશાચાર્યઃ આચાર્યાણાં શતં પિતા ।*
*સહસ્ર તુ પિતૃન માતા, ગૌરવેણાતિ રિચ્યતે ॥*

ઉપરોક્ત શ્લોક મનુસ્મૃતિમાંથી લેવામાં આવેલ છે.

જીવનમાં શિક્ષક પાસેથી જે કેળવણી મળે છે એના કરતાં આચાર્ય પાસેથી દસગણી, પિતા પાસેથી સો ગણી અને માતા પાસેથી હજાર ગણી કેળવણી પ્રાપ્ત થાય છે.

બાળક માટે શિક્ષક આચાર્ય, પિતા અને માતાનું મહત્ત્વ વિશેષ હોય છે. આ સૌમાં માતાની વાત અનન્ય છે. ગર્ભાવસ્થામાંથી જ બાળક માતા દ્વારા કેળવણી પ્રાપ્ત કરતું હોય છે. કેળવણીના આ આદાનપ્રદાનથી નથી તો માતાને ખબર હોતી ન તો ગર્ભસ્થ શિશુને આ જાણ હોતી. તેમ છતાં સર્વાધિક પ્રભાવક ઘડતર અહીંથી જ શરૂ થઈ જાય છે.

સ્ત્રીના વિવિધ સ્વરુપોમાં માતૃ સ્વરુપ સૌથી પ્રભાવક અને પવિત્ર છે. સમસ્ત માનવજાતનું આ માતૃસ્વરુપ જ ઘડે છે અને એટલે આ શ્લોકમાં ભગવાન મનુએ માતા તરીકે સ્ત્રીનો પ્રભાવ હજાર ગણો કહ્યો છે.

### સુવિચાર

- આત્માનું સ્પષ્ટ વેદન જયારે તમને થશે ત્યારે કાયમની સમાધિ રહેશે - **ડૉ. નીરુબહેન અમીન**
- ભમરો સુગંદ તરફ જાય છે, લક્ષ્મી નીતિ તેમ જ ગુણોની સમૃદ્ધિ તરફ જાય છે,
  પાણી નીચાણના પ્રદેશ તરફ જાય છે, અને બુદ્ધિ વિધાતાએ લખ્યું હોય તેને અનુસરે છે - **સંસ્કૃત સુભાષિત**
- અંધકારથી આવૃત્ત થયેલું ઘુવડ સૂર્યપ્રકાશને અંધકાર માને છે,
  તેથી તેનો અંધકાર દૂર થઈ શકતો નથી, તેવી રીતે અવિદ્યામાં રહેલાનું અજ્ઞાન દૂર થઈ શકતું નથી - **રામાનુજાચાર્ય**
- જયારે હું માંદો હોઉં છું ત્યારે મરવાનું પસંદ કરતો નથી,
  અને હરિફાઈમાં હારવાનું પસંદ કરતો નથી - **લાન્સ આર્મસ્ટ્રોંગ**
- જગતને સુધારવા માટે મહાન અભિયાન છેડ્યું હોય તો તે ફોગટ છે,
  સામા માનવીની થોડી થોડી ઉણપો જરૂરી છે, સહન કરવા જેવી છે - **એલન વોટ્સ**
- જે વ્યક્તિ 'સ્ટ્રેસ' તનાવને અવગણી શકે છે, તે જીવન જીવવાની કળામાં પારંગત થઈ શકે છે - **બી. કે. શિવાની**
- આજનું ઔષધ : એરંડિયુ અને શિલાજિનો લેપ ઘૂંટણ પર લગાવવાથી ઘૂંટણનો સોજો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૧૯૭૯ના વર્ષમાં ત્રિવેન્દ્રમના દરિયા કિનારે એક સજ્જન ભગવદ્‌ગીતા વાંચી રહ્યા હતા. એવામાં એક પ્રતિભાશાળી યુવાન આવી પેલા ગીતા વાંચનારને કહેવા લાગ્યો, 'આ જમાનામાં આવા ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું મૂર્ખામી છે. આવા ફાલતું કામમાં સમય વેડફવા કરતાં વૈજ્ઞાનિક સંશોધન પાછળ સમય આપ્યો હોત તો આપણો દેશ ક્યાંક પહોંચી જાય.' ગીતા વાંચનારે યુવાનને ઓળખ પૂછી ત્યારે પેલાએ કહ્યું, 'મેં કલકત્તામાં વિજ્ઞાન ડિગ્રી મેળવી. અહીં ભાષા એટમિક રિસર્ચમાં કેરિયર બનાવવા આવ્યો છું. અને જો મેં ધાર્મિક પુસ્તકો વાંચવામાં સમય વેડફ્યો હોત તો વિજ્ઞાનમાં હું આગળ વધી જ શક્યો ન હોત.' પેલા ગીતા વાંચનાર સજ્જન એને સ્મિત આપી ઊભા થયા. ત્યાં તો પાંચ સિક્યોરિટી ગાર્ડ આવ્યા. યુવાનને તપાસ કરતાં ખબર પડી કે પોતે જયાં કેરિયર બનાવવા આવ્યો છે તે ભાભા રિસર્ચના તે ચેરમેન હતા. અને એમનું નામ હતું ડૉ. વિક્રમ સારાભાઈ. ડૉ. વિક્રમ સારાભાઈએ થોડા દિવસો પછી ઓફિસમાં એ યુવાનને બોલાવ્યો અને કહ્યું કે, 'દરેક સર્જનની પાછળ સર્જનહાર હોય જ છે. પછી ભલે એ મહાભારતનો કાળ હોય કે વર્તમાનકાળ. ભારત વિજ્ઞાનની શોધખોળો તો અવિરત થતી જ રહેવી એ જ તો અકળ સર્જનહારની ખરા અસ્તિત્વની એક નક્કર સાબિતી છે. આથી સર્જનહાર કે ધર્મની આપણા જીવનમાંથી બાદબાકી કદી ન કરવી જોઈએ.'

# દેશભરમાં પ્રદૂષિત પાણીની પારાયણ

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય માપદંડો અનુસાર દેશનાં વિવિધ રાજયોનાં પાટનગરોના પેય જળનું સર્વેક્ષણ કરવામાં આવ્યું એમાં મુંબઈ સૌથી મોખરે રહ્યું છે જયારે દેશનાં વીસ રાજયોમાં પાટનગરોનું પાણી પ્રદૂષિત છે. કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલયના કેબિનેટ મંત્રી રામવિલાસ પાસવાને જાહેર કરેલી એકવીસ રાજયોનાં પાટનગરોના પાણી વિશેના અહેવાલમાં મુંબઈ નંબર વન છે જયારે દિલ્હી - દેશની રાજધાની સામા છેડે, સૌથી પ્રદૂષિત પાણી ધરાવતું શહેર છે. ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરને વાતાવરણની દૃષ્ટિએ 'ગ્રીન સીટી' જેવો દરજ્જો સાંપડતો રહ્યો હોવા છતાં પીવાના નળના પાણીના પ્રદૂષણમાં એ છેક ચૌદમાં નંબરે છે. મંત્રાલય દ્વારા પાણીનાં સેમ્પલ તપાસાયાં હતા જેમાં દિલ્હી, કોલકાત્તા અને ચેન્નાઈ સહિત અન્ય મહાનગરોના પેયજળની કક્ષા 'પ્રદૂષિત' જણાઈ છે. ગાંધીનગર, ચંડીગઢ, ગુવાહાટી, બેંગાલુરુ, લખનૌ, જમ્મુ, જયપુર, દહેરાદૂન, ચેન્નાઈ અને કોલકાત્તા તેર પાટનગરોમાંથી લેવાયેલ પાણીનાં સેમ્પલ ઈન્ડિયન સ્ટાન્ડર્ડની કક્ષા મુજબનાં નહોતાં. ખુદ મંત્રીના નિવાસસ્થાનનું પાણી પ્રદૂષિત હોવાનું પ્રસ્થાપિત થયું હતું. માનવીની પ્રાથમિક જરૂરિયાતો છે હવા, પાણી અને ખોરાક. આ ત્રણેમાં ભારતીય પ્રજાજનો ભયંકર પ્રદૂષણ કે ભેળસેળનો જ સામનો કરતાં કરતાં સબસ્ટાન્ડર્ડ જિંદગી જીવી રહ્યા છે. વિશ્વનાં અન્ય વિકસિત રાષ્ટ્રોમાં સીધેસીધું નળમાંથી પાણી પી શકાય છે. આપણે ત્યાં 'નલ સે જલ' જેવી કલ્યાણ યોજનાનો ઢોલ પીટીને પ્રચાર-પ્રસાર થાય છે. એક રીતે આ પ્રશંસનીય કાર્ય યોજના છે કે છેક છેવાડા વિસ્તારો સુધી નાગરિકોને સીધું જ પોતાના ઘરમાં નળકનેકશન ઉપલબ્ધ કરાવવા વર્તમાન કેન્દ્ર સરકાર કૃતસંકલ્પ છે. ગુજરાત રાજયમાં તો આ યોજના કેન્દ્ર દ્વારા નિર્ધારિત ૨૦૨૪ની કટ ઓફ ડેટ કરતાં પણ બે વર્ષ પહેલાં સંપન્ન થઈ જશે એવી ખાતરી ખુદ મુખ્યમંત્રી દ્વારા ઉચ્ચારાઈ છે. પરંતુ નળથી પ્રાપ્ત થતું જળ ખરેખર પીવાલાયક છે, એ સવાલ તો રહેવાનો જ. અનેક પ્રકારનાં ઝેરી તત્ત્વો અને ક્ષારવાળો પાણી પેટમાં પધરાવી લોકો ફ્લુરોસીસથી લઈ વિવિધ બીમારીઓનો ભોગ બનતા રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા પેયજળની ગુણવત્તાનું સર્વેક્ષણ ફક્ત રાજયોનાં પાટનગરો પૂરતું હાથ ધરાયું હતું. અન્ય શહેરી તેમ જ ગ્રામીણ પ્રદેશોમાં તો આ પ્રદૂષણની માત્રા સવિશેષ હોવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતના પાણીમાં ફ્લોરાઈડનું પ્રમાણ વધારે હોવાથી લોકો અકાળે વૃદ્ધત્વ પામતા રહે છે, હાડકાં બરડ અને વાંકા વળી જાય છે. આ બધું સરકારને કોણ કહેશે ? દિલ્હીમાં જળ અને વાયુ - બેઉનું પ્રદૂષણ સૌથી વધુ પ્રમાણમાં છે. વિશ્વનાં સૌથી વધુ વાયુ પ્રદૂષિત શહેરોમાં દિલ્હી અવ્વલ નંબરે છે. હકીકતમાં દિલ્હી શહેર નહીં રહેતા ઉઘાડી ગેસચેમ્બર બની રહેલ છે. આથી ગૂંગળાતા લોકો હવે હવા ખરીદવા મજબૂર બન્યા છે. વિકાસની આંધળી દોટમાં જીવન વિરોધી વાતાવરણ વચ્ચે જીવતા ભારતીય નાગરિકને તો હવે ફક્ત 'રામ ભરોસે' જ જીવવાનું છે. અયોધ્યામાં રામજન્મભૂમિ પર રામલલ્લાનું ભવ્ય મંદિર બની રહ્યું છે પછી આપણે ચિંતા કરવાની જરૂર ખરી?

### કોમન જી.ડી.સી.આર. નિયમો-૨૦૧૯

## નવા જી.ડી.સી.આર. થી બાંધકામ પ્રવૃત્તિને વેગ મળશે : મેટ્રો સીટીનો વૈશ્વિક કક્ષાએ વિકાસ થશે

**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

રાજય સરકારે તાજેતરમાં કોમન જીડીસીઆર (બાંધકામ માટેના નિયમો) માં ધરમુળથી ફેરફાર કરેલ છે. ગામતળમાં વિસ્તરણ કરતા નવા જીડીસીઆર અમલમાં મુકાયા છે. ગામતળના વધારામાં છુટછાટ આપવામાં આવી છે. પોડીયમ સ્વરૂપના બાંધકામનો નવો કોન્સેપ્ટ અમલમાં આવશે. જુના જીડીસીઆરમાં બાંધકામની મંજુરી અમુક અંશે મળતી ના હતી તેમાં સુધારા કરતા હવે જુના પ્રતિબંધો રદ કરતા પ્લોટમાં વધારે બાંધકામ થઈ શકે, પાર્કિંગમં ફાયર સેફટીની સવલતો જળવાય તે રીતે નવા નિયમોમાં ફેરફાર કરેલ છે. જે લગત ૪૦૦ ચો.મી. થી મોટા પ્લોટમાં પોડિયમની બાંધકામની મંજુરી આપવામાં આવશે.

૩૧/૩/૨૦૧૯ થી અમલમાં આવતા નવા જીડીસીઆર રાજયની આઠ નગરપાલીકાઓ, ૨૩ શહેરી વિકાસ સત્તા મંડળો અને ૧૬૨ નગરપાલીકાઓમાં કોમ્પ્રેહેન્સીવ જીડીસીઆર-૨૦૧૭ અંર્તગત સુધારા કરતા નાના પ્લોટ ધારકોને ફાયદો થશે આ નવા સુધારાથી બાંધકામ ઉદ્યોગને વેગ મળશે. સ્માર્ટ સીટીનું આયોજન સળતાથી થઈ શકશે.

અમદાવાદમાં ૩૬ મીટરથી વધારે પહોળા રોડ પર હાલ બેઝ એફએસઆઈ ૧.૨ મીટર જયારે બીજા શહેરોમાં બેઝ એફએસઆઈ ૧.૫ છે જે નવા નિયમ મુજબ ૩.૬ થી વધારાની એફએસઆઈ મળી શકશે નવા નિયમથી અમદાવાદને નુકશાન થાય તેમ છે.

સૌથી વધારે લાભ ગામતળના વધારામાં અપાયો છે જે ગામતળોનું એકસ્ટેશન કરેલ છે તેમને નવા નિયમોથી લાભ મળશે. ઔડા વિસ્તારના ગામોનો સમાવેશ મ્યુનિસિપલીટીમાં કરેલ છે. અગાઉ ગામતળમાં પાર્ટી પ્લોટ, ગાર્ડન રેસ્ટોરન્ટ વિગેરેને પરવાનગી ન હતી જે નવા જીડીસીઆરથી બાંધકામ મંજુરી આપવામાં આવશે. ગામતળમાં ૯ મીટર નાના રોડ ઉપર પબ્લીક હેલ્થ સેન્ટર, દવાની દુકાનના બાંધકામને હવેથી મંજુરી આપવામાં આવશે, ૧૨ મીટરથી ૧૮ મીટરના રોડ ઉપર ૧૦ બેડની હોસ્પિટલ, નર્સીંગ હોમના બાંધકામને પણ મંજુરી આપવામાં આવશે.

૧૮ મીટરથી ૨૪ મીટરના રોડ ઉપર સીવીલ હોસ્પિટલની પરવાનગી મળતા ગામડામાં પણ સારી આરોગ્ય સેવાનો જનતાને લાભ મળશે, સારવાર માટે શહેર સુધી લાંબા થવું નહી પડે તથા ૩૦ મીટરના રોડ ઉપર મલ્ટીસ્પેશ્યલ હોસ્પિટલ અને માનસીક રોગીઓની સારવારની હોસ્પિટલની પરવાનગી આપવામાં આવશે.

પોડિયમ એટલે ટ્રેડ સેન્ટર જે પહેલા અમદાવાદમાં એક જ બીલ્ડીંગ હતુ હવે નવા બીલ્ડીંગનો ઉભા થશે જેમાં પ્રથમ બે માળમા દુકાનો ત્યારબાદ ટાવર ઉભા કરવામાં આવતા હોય છે આવા પ્લોટમાં નીચેનું આખુ બાંધકામ કરી શકાશે જેમ જેમ ઉપર જતા જઈએ તેમ તેમ બીલ્ડીંગ સાંકડુ થતુ જાય છે. ધાબા ઉપર કોમન પ્લોટને મંજુરી અપાઈ છે. રોડ સાઈડ ૬ મીટરની માર્જીન છોડી આવા પોડિયમને બાંધકામ માટે મંજુરી આપવામાં આવશે જેની મહત્તમ ઉંચાઈ ૧૦ મીટર જેટલી મળવા પાત્ર છે જેમાં ફાયર સેફટી, કોમન પાર્કિંગ, વ્હીકલ સ્ટેન્ડની સગવડો હોવી ફરજીયા છે. ૧૫ મીટર કરતા ઉંચા પોડિયમમાં ફાયર ટેન્કરવાન જવા આવવા રસ્તો મુકવાનો રહેશે. ૨૧ મીટરથી ઉંચા બીલ્ડીંગમાં એક ફાયર લીફટ ફરજીયાત મુકવાની રહેશે.

ગામતળમાં માર્જીનની જોગવાઈ રદ કરાઈ છે. રસ્તા ઉપર ભીડ કે ટ્રાફિક ના વધે તે માટે સેટબેકના નિયમ મુજબ ૨૫ ટકા જમીન કપાતમાં લઈ ૭૫ ટકા જમીન ઉપર બાંધકામની મંજુરી આપવામાં આવશે.

રો હાઉસ, ઈન્ડસ્ટ્રીયલ પ્રકારના બાંધકામો માટે નવી જોગવાઈ અમલમાં મુકવામાં આવતા ગામતળમાં નવી જીઆઈડીસી અમલમાં આવતા રોજગારીની તકોમાં પણ વધારો થશે.

શહેરમાં સ્ટેટ મીકેનાઈઝડ પાર્કિંગ પ્લેસ ઉભા કરવામાં આવતા ટ્રાફિકની સમસ્યા મેટ્રો શહેરમાં હળવી બનશે. કોમર્સીયલ કોમ્પ્લેક્ષમાં લેન્ડીંગ, અન લેન્ડીંગ બેઈઝમેન્ટમાં કરવામાં આવશે જેથી ભારે વાહનો બેઝમેન્ટમાં જ પાર્ક થશે.

૩૦૦ ચો.મી. પ્લોટમાં ૨૦૦ મીટર સુધીનું જ માર્જીન રાખી શકાશે, જુના નિયમમાં ૨૧૨૫ મીટરનું એકથી વધારે માર્જીનની જોગવાઈ હતી જેથી નાના પ્લોટમાં વધારે બાંધકામ કરી શકાશે.

૨૫ ચો.મી. પ્લોટમાં માર્જીન મુકવામાંથી મુકતી આપવામાં આવેલ છે. પરંતુ સ્કાયલાઈઝ બીલ્ડીંગો માટે હજી સુધારાની આવશ્યકતા છે. નવા જીડીસીઆર માં તેનો કોઈ જ ઉલ્લેખ નથી. મેગા સીટીમાં રોડ ઉપર ૫ મીટરની એફએસઆઈ આપવામાં આવેલ છે. કલબ હાઉસ, જીમ, પ્લે એરીયા, સ્વમીંગ પુલ વિગેરે નવા જીડીસીઆરમાં એફએસઆઈ ના ભાગ તરીકે ગણવામાં આવશે.

નવા જીડીસીઆર મુજબ હોંગકોંગ, બેંગકોક અને દુબઈની પેર્ટનની જેમ વૈશ્વિક કક્ષાના આધુનિક અને વધુ ઉંચાઈ ધરાવતા આર્કીકોનીક બીલ્ડીંગનું આગામી સમયમાં ગુજરાતમાં નિર્માણ થતા બાંધકામ ઉદ્યોગમાં તેજી આવશે. નવા ટ્રેડ હાઉસોનું બાંધકામ ઉદ્યોગમાં તેજી આવશે નવા ટ્રેડ હાઉસો ખુલતા ધંધા રોજગારીની તકો આસાન બનશે, વ્યવસાયીક બાંધકામો સસ્તા થતા રોજગારીમાં વધારો થશે અને બજારમાં બાંધકામ ક્ષેત્રોમાં તેજી આવશે.

# પાંપણો જરાક ઊંચકાય ત્યાં અપાર દૃશ્ય, આવીને સમાઈ જાય નેનમાં ઉછંગમાં

**WhatsApp ઑફ ધી વીક**
નેહલ ગઢવી

**હોઠમાં હજાર વાત,**
**એથીયે અનેક લાખ વાત નેનમાં;.....**
**પાંપણો જરાક ઊંચકાય ત્યાં અપાર દૃશ્ય**
**આવીને સમાઈ જાય નેનમાં ઉછંગમાં.**

**- ઈન્દુલાલ ગાંધી**

સમય, સંજોગો, પરિસ્થિતિ, સમાજવ્યવસ્થા આ તમામમાં કાળક્રમે પરિવર્તન આવ્યું જ છે. સમય જતાં ઘણી-બધી બાબતોમાં ઘણા મોટા ફેરફારો થયા છે. અત્યાચાર, ગરીબી,શોષણ, દમન, સ્ત્રી પર થતાં અન્યાય આવા અનેક વિષયો પર વૈવિધ્યસભર સાહિત્ય સમયાંતરે રચાયું છે અને આ સાહિત્યના જ આધારે પ્રાદેશિક અને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ફિલ્મોનું નિર્માણ થયું છે. સાહિત્યનું આપણા જીવનમાં ખૂબ મોટું યોગદાન રહ્યું છે. કેવા પ્રકારનું સાહિત્ય વધુમાં વધુ લોકો માણે છે તે પરથી સમાજની જે - તે સમયની માનસિકતાનો અણસાર આવે છે. ફિલ્મો, જાહેરાતો અને સોશિયલ મિડીયા આજના આ સમયમાં લોકોના માનસપટ પર સૌથી વધુ કબજો જમાવનારી બાબતો છે. જે રીતે 'સ્મલડોગ મિલેનીયર' એ મૂવીએ આખાયે રાષ્ટ્રમાં સિનેજગતમાં એક ડંકો વગાડી દીધો હતો તેમ આજકાલ 'હેલ્લારો'નો જુવાળ ગુજરાત તથા ગુજરાત બહાર વસતા તમામ ગુજરાતીઓમાં પ્રગટી ચૂક્યો છે. ફિલ્મ વિષે, ફિલ્મના અન્ય અગત્યનાં પહેલું વિષે, ફિલ્મના સેટ્સ, કોશ્ચ્યૂમ્સ અને ડિઝાઈન્સ વિષે, ફિલ્મના સંગીત વિષે, ફિલ્મની દરેકેદરેક નાની-મોટી બાબતો અંગે ચર્ચા થઈ રહી છે. ગુજરાતી ફિલ્મ ઉદ્યોગની એક મોટી અને અસાધારણ સિદ્ધિ સમી આ ફિલ્મ ખરેખર ખૂબ અદ્‌ભૂત બની છે. અને એક ગુજરાતી તરીકે આપણા સૌના માટે આ એક ગૌરવપૂર્ણ બાબત છે.

આપણી આ ભારતીય સંસ્કૃતિ, ભાતીગળ પ્રાદેશિક વૈવિધ્ય એ આપણા માટે ગૌરવપૂર્ણ બાબતો ચોક્કસપણે છે પણ સાથોસાથ રિવાજો અને રૂઢિઓના નામે ચાલી આવતી શોષણ અને દમનની પ્રક્રિયા વર્ષો સુધી એટલી અકબંધ જળવાયેલી રહી કે એ રૂઢિને તોડવામાં અને ત્યારબાદ એના દ્વારા દુભાયેલા કેટલાક જીવોની મૂંગી - 'હાય'ના પાપને ધોતાં કોણ જાણે કેટલા વર્ષો વીતશે ! ફિલ્મ 'હેલ્લારો' એ

મનમાં ઊઠેલા એક હિલ્લોળાની વાત છે. ફિલ્મના લેખનમાં શ્રી સૌમ્ય જોષીએ છાતીમાં તીર સમા સન્નન કરતાં વીંધી જાય એવા 'વન લાઈનર' મૂક્યા છે. ગીતોના શબ્દો જે રીતે લખાયા છે એ સાંભળીને રૂંવાટા ખડા થઈ જાય અને ફિલ્મની સૌથી વધુ મોટી ખાસિયત છે 'ગરબા'! ગરબા એ ગુજરાતનું ઘરેણું છે પણ 'ગરબા' ને દૃષ્ટાંતરૂપ બનાવીને જે સુંદર કથા અને વાર્તાનું સર્જન થયું છે એ અદ્‌ભૂત છે. ફિલ્મના ડિરેકટર શ્રી અભિષેક શાહ અને સંગીત આપનાર મેહુલ સુરતીએ એક એવી જુગલબંધી રચીછે તેની ચમત્કારિક અસર સ્ક્રીન પર જોઈ શકાય છે.

કચ્છ આખાની વાત છે કે નહિ, બોલીનો લહેકો અદલ આવ્યો છે કે નહિ, માત્ર ૮-૧૦ ભૂંગાનું બનેલું ગામ હોય કે કેમ એ બધી બાબતોને ગૌણ માનીએ તો આ વાત છે. મનની એક એવી સંવેદનાની કે જે જયારે મનના હિલોળાને વહેતુ મૂકે તો ભલભલા બંધનને તોડવા સક્ષમ છે. એ બાબત દર્શાવે છે ! ફિલ્મના અંતમાં 'ઢોલી' જયારે બોલે કે 'નાચ બેટા! હવે તારો વારો !' ત્યારે લાગે કે સ્ત્રી પર થતા અન્યાયનો અત્યારે, આ ક્ષણે જ જાણે અંત આવ્યો છે અને આજથી જ એના મરજી મુજબના જીવન જીવવાની શરૂઆત થઈ છે! સ્ત્રીને કયારેક પુરુષ સમોવડી થવું જ નથી એને તો માત્ર પોતાની પાંખ અને પોતાનું આગળું આકાશ મુક્તમને ઉડવા માટે મળે એ જ એની ઝંખના ! વાડી અને વંડી અને મર્યાદાનો ઉંબર ઓળંગવાની એને ત્યારે જ જરૂર પડે જયારે એને બેડીઓથી કેદ કરવામાં આવે! આજની સ્ત્રી જયારે સમાજમાં પોતાનું એક અલગ અસ્તિત્વ વિકસાવી શકી છે ત્યારે તેના પાયામાં વર્ષો સુધી ગુલામીની બેડીઓમાં જીવતી અસંખ્ય અબોલ અબળાના લોહી સિંચાયા છે. આ જાગૃતિ અને ક્રાંતિ રાતોરાત નથી આવી પણ જયારે અન્યને મૂંગા મોઢે અસંખ્ય સ્ત્રીઓનો સહ્યો અને છતાંય હિંમતપૂર્વક દીકરીઓનો ગરિમાપૂર્ણ ઉછેર કર્યો માટે આ જુવાળ પ્રગટ્યો છે!

એક ગુજરાતી તરીકે, એક સ્ત્રી તરીકે અને ક્રાંતિના એક વિચારને આપણી વચ્ચે વહેતો કરવા માટે પણ ચોક્કસપણે આ ફિલ્મ માણવી અને બિરદાવવી જ રહી. આદિત્ય ગઢવીના કંઠના કામણ હોય કે જયેશ મોરેના ઢોલની દાંડીની કલામ ફિલ્મના અનેક સબળા પાસાઓ છે. માટે આજે જ આ ફિલ્મ ન જોઈ હોય તો ચોક્કસપણે જોઈ જ આવો! અને પાછાં ફરતાં કે થિયેટરમાં બેઠા બેઠાય જો ગુજરાતી હૈયું ગરબાના હિલ્લોળે ઝૂલવા ઈચ્છે તો તેમાં કંઈ નાનમ ન અનુભવતા!

**Last Seen :**

**"ચાલ સખી પાંદડીમાં ઝાંકળના ટીપાંની**
**જેમ ફરી જિંદગીને મૂકીએ**
**ટેરવાનો સ્પર્શ એક ઘટના કહેવાય છે કે**
**લાગણી ગણાય એમ પૂછીએ**
**વેદના તો અડીખમ ઊભો કંઠાર જતાં**
**આવતાં જુવાળ ભલે કોતરે**
**સુખ સાથે આપણો તો જળનો સંબંધ**
**ક્યાંક રેતી ઢાંકે ને ક્યાંક ઓસરે**
**છીપલાંની હોડીને શટથી શણગાર,**
**ચાલ કાંઠો છોડીને હવે ઝૂકીએ."**

**- ધ્રુવ ભટ્ટ**

- nehalgadhavi101@gmail.com

# શિક્ષણ મહર્ષિ ડૉ.સી.એલ.પટેલની નજરે મૃત્યુ પછીનાં આયોજનો

**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

ગુજરાતના સૌથી મોટા શિક્ષણ સંકુલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના પરિવારમાં દીર્ઘાયુની પરંપરા રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્ય અતિથિપદે પોતાના અમૃતપર્વની એટલે કે ૭૫ વર્ષ પૂર્ણ કરવાની ઉજવણીમાં ડૉ.પટેલ સામેલ થયેલા. આ શિક્ષણમહર્ષિને ક્યારેક પોતાના મૃત્યુ વિશે વાત કરવા અને એ પછી બેસણા – ઉઠામણાની ચર્ચા કરવામાંય સંકોચ થતો નહીં. છેક ૧૯૯૪ થી ચારુતર વિદ્યામંડળની જવાબદારી સંભાળીને આદ્યસ્થાપકો ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબ તથા તથા સંવર્ધક ડૉ.એચ.એમ.પટેલે જે શિક્ષણયજ્ઞની જયોત જલાવી હતી, એને પ્રજવલિત રાખનાર ડૉ.સી.એલ.પટેલ કાયમ કંઈક નોખું કરવાના આગ્રહી હતા. ક્યારેક ગુજરાત વિદ્યુત બોર્ડમાં એકિઝક્યુટિવ ઈજનેર તરીકે નિષ્ઠા અને કડકાઈથી નોખી ભાત પાડનાર



ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણ સંકુલ સીવીએમના અધ્યક્ષ રહેલા ડૉ.સી.એલ.પટેલ



અનેકોના દિલમાં વાસ કરનારા પૂજ્ય મોટા

અને વતન ગામડીના મુખી એવા પિતા શ્રી લલ્લુભાઈ ગરબડદાસ પટેલે પ્રબોધેલા "પગાર સિવાય હરામની કમાણીથી દૂર રહેવા" ના શબ્દોને વનમાં આત્મસાત કરનાર શ્રી છોટુભાઈએ મસમોટા વ્યકિતત્વને પરિશ્રમ અને દીર્ઘદષ્ટિથી ઉપસાવ્યું. એ પોતાને સામાન્ય વ્યકિત જ લેખાવે. જો કે એમના સમયગાળામાં ચારુતર વિદ્યામંડળે અભૂતપૂર્વ પ્રગતિ સાધી. આદ્યસ્થાપકો અને સંવર્ધક જેવા પૂર્વસૂરિઓના સમયગાળામાં શરૂ થયેલી શિક્ષણ સંસ્થાઓના વ્યવસ્થિત સંચાલન અને વિકાસની સાથે ડૉ.છોટુભાઈએ સ્વનિર્ભર કોલેજો સ્થાપીને સમગ્ર રાજયને નવી દિશા આપી. આધુનિક શિક્ષણના શિલ્પી બન્યા. "મારે પોતાના માટે મહિને માંડ ૩૦ હજાર રૂપિયાનો ખપ પડે છે અને તે હું ખેતીમાંથી કમાઈ લઉં છું." એવું દર રવિવારે વહેલી સવારે ખેતરે જવાનો નિત્યક્રમ જાળવનાર ડૉ.સી.એલ.પટેલ કહે. એમના પુત્રો–પુત્રીઓ–પૌત્ર–પૌત્રીઓ–દોહિત્રો અમેરિકા અને ઈંગ્લેન્ડમાં વસતાં હોવા છતાં ચારુતર વિદ્યામંડળના શિક્ષણયજ્ઞને સર્મપિત રહેવા પોતાનાં વનસાથી શ્રીમતી શારદાબહેન સાથે વલ્લભ વિદ્યાનગરને જ તેમણે પોતાનું કર્યું. શારદાબહેન મોટા ગામતરે ગયાં પછી થોડા અંતરે મે ૨૦૧૮માં સીએલ પણ અક્ષરવાસી થયા. શારદાબહેન અને સીએલ બંનેનું દેહદાન કરવાના સંકલ્પનો આદર કરાયો હતો.

- **પિતાનું સ્મરણ કરી કહે, મારા પિતા મને કહેતા કે ખેતરે જઈએ ત્યારે ધરતીને પણ લાગે કે મારો ધણી આવ્યો**
- **શાળા - કોલેજો કે શિક્ષણ સંસ્થાએ વિદ્યાનાં મંદિર છે એટલે પવિત્ર જગ્યામાં કોઈનું મડદું આવે એ યોગ્ય નહી**
- **પૂજ્ય મોટાએ મહી સાગરને કાંઠે આવેલા મહેમાનગૃહમાં એકાંતમાં જ સ્વેચ્છામૃત્યુને વરવાનું પસંદ કર્યું હતું**
- **યોગ્ય વેળાએ નિવૃત્તિ સ્વીકારી લેવામાં જ માનમરતબો જળવાય છે, અન્યથા અપમાન મોતથી ય ભૂંડું લાગે**

વલ્લભ વિદ્યાનગરના વિકાસ અને શિક્ષણક્ષેત્રે નવી મંજિલો સર કર્યા પછી દાયકા પૂર્વે ન્યૂ વલ્લભ વિદ્યાનગર વિકસાવનાર આ શિક્ષણ મહર્ષિએ ૨૨ કરતાં વધુ નવી શિક્ષણ સંસ્થાઓ સ્થાપીને વૈશ્વિકસ્તરનું શિક્ષણ ઘરઆંગણે યુવાપેઢીને ઉપલબ્ધ કરાવવામાં સુપેરે સફળતા મેળવી. પગ વાળીને, જંપીને બેસવાનું એ સ્વીકારતા નહોતા. સ્વભાવે જરા તુમાખીભર્યા ખરા પણ સૌને માટે લાગણી રાખે. એ કહે : " મારા પિતા મને કહેતા કે ખેતરે જઈએ ત્યારે ધરતીને પણ લાગે કે મારો ધણી આવ્યો." એ ઉમેરે પણ ખરા : "ખેતરમાં ના જઈએ તો એ ભેળાઈ જાય" પોતાના ખેતર જેટલી જ માવજત એ ચારુતર વિદ્યામંડળના માધ્યમથી અને પોતાને મળેલા નિષ્ઠાવાન મંત્રીગણના ટેકાથી ગુજરાતના સૌથી મોટા શિક્ષણસંકુલની પણ કરે છે. એમના અક્ષરવાસી થયા પછી એમના અનુગામી તરીકે ઈજનેર ભીખુભાઈ પટેલ અને એમની ટીમ વધુ સુપેરે સીવીએમનું કામ સંભાળે છે.

૨૬ ઓકટોબર ૨૦૧૦નો એ દિવસ. આણંદમાં પોતાના ગુરુ એવા ૯૩ વર્ષના મુ.વિઠ્ઠલભાઈ સાહેબને મળીને ચારુતર વિદ્યામંડળના કાર્યાલયે પાછા ફરતાં સ્મશાન પાસેથી પસાર થવાનું થયું. બેસુમાર ગાડીઓ નિહાળી. કોઈ જાણીતી પ્રભાવશાળી વ્યકિતના મૃત્યુનો અણસાર આવ્યો. ઘડીક પોતાના મૃત્યુનો વિચાર પણ ડૉ.સી.એલ.પટેલને આવી જાય છે. એય પાછા કાર્યાલયમાં આવીને સાથીઓ વચ્ચે સ્વસ્થતાથી વર્ણવે છે. એ કહે છે " મને વિચાર આવ્યો કે આપણું મોત કેવું હોય ? સમાજ પ્રત્યે ઋણ અદા કરવા સમાન આ શિક્ષણયજ્ઞમાં કામ કરતાં સક્રિય હોઈએ અને મૃત્યુ આ